પાવાગઢ પાસે મિની બસ પલટી જતાં એકનું મોત, ૧૪ ઈજાગ્રસ્ત

સ્ટ્રેરિંગ ઉપર કાબુ ગુમાવતા અકસ્માત : ઈજાગ્રસ્તોને હાલોલની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા

પંચમહાલ, તા.૫

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ગુજરાતમાં પ્રખ્યાત મંદિરો બહાર શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો શ્રાવણ માસમાં ગુજરાતના જાણીતા મંદિરોના દર્શન કરવા માટે પહોંચી રહ્યા છે. આ વચ્ચે જ પાવાગઢના માચી નજીક શ્રદ્ધાળુઓથી ભરેલી મિની બસ પલટી ખાઈ ગઈ હતી. ઢાળ ઉતરતી વખતે સ્પીડ કાબૂમાં ન રહેતાં મિની બલ પલટી ખાઈ ગઈ હતી. જેને કારણે મિની બસમાં સવાર એક મહિલાનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય ૧૪થી વધુ શ્રદ્ધાળુઓને ઈજાઓ પહોંચી હતી. મિની બસ પાવાગઢ માચીથી નીચે ઉતરી રહી હતી, તે સમયે આ અકસ્માત સર્જાયો હતો. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હાલોલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મિની બસમાં ૨૦ જેટલાં મુસાફરો સવાર હતા. તમામ શ્રદ્ધાળુઓ વડોદરાથી પાવાગઢ દર્શન માટે પહોંચ્યા હતા.

અકસ્માત અંગે મિની લક્ઝરી બસના ડ્રાઈવરે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હું ઉપરથી ગાડી લઈને નીચે ઉતરી રહ્યો હતો, અને ગાડીને બ્રેક આવી ન હતી. આ ઉપરાંત ગાડીની સ્પીડ વધી ગઈ હતી. ગીયરમાં હોવા છતાં પણ ગાડી કંટ્રોલમાં થઈ ન હતી. ગાડીમાં ૨૦ લોકો સવાર હતા, જેમાં ૧ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ ઉપરાંત ઉપર જવાની પરમિશન અંગે સવાલ કરાતાં ડ્રાઈવરે કહ્યું હતું કે, અમે પાર્ટીને કહ્યું હતું કે, ગાડી ઉપર જશે નહીં. પણ પાર્ટીએ એમ કહ્યું હતું કે, અમારી ટ્રાવેલ્સ સાથે વાત થઈ ગઈ છે, ગાડી ઉપર લઈ જઈશું. મેં પાર્ટીને પહેલાં જ ના પાડી હતી કે, ગાડીને ઉપર લઈ જવાની પરમિશન નથી. તેમ છતાં પાર્ટીએ કહ્યું હતું કે, અમારી વાત થઈ ગઈ છે.

ઢાળ પરથી મિની બસ પલટી ખાઈ જવાની ઘટનામાં પ્રાથમિક જાણકારી અનુસાર એક મહિલાનું મોત નિપજ્યું છે, જ્યારે બે વ્યક્તિઓની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. આ ઉપરાંત ૧૪ લોકોને સામાન્ય ઈજા પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. અકસ્માતને પગલે તાત્કાલિક સ્થાનિકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને બસમાં ફસાઈ ગયેલાં મુસાફરોને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત મુસાફરોને હાલોલની સરકારે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યારે આ મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે.

સરદાર સરોવર ડેમ ૮૦% ભરાયો પાછલા વર્ષ કરતા ૭૦% વધુ પાણી

ડેમમાં આ વર્ષે પુષ્કળ પ્રમાણમાં થઈ પાણીની આવક : જળ સંસાધન વિભાગના અધિકારીઓએ કે ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં જળસંગ્રહનું સ્તર માત્ર ૨૭.૨૪% જ છે

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં રાજયના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહ્યો હતો. રાજયનો નર્મદા

નદી પર બનેલો સૌથી મોટો સરદાર સરોવર ડેમમાં પાણીની પુષ્કળ આવક થઈ રહી છે, જેની સાથે ડેમ ૭૯.૬૩% ભરાઈ ગયો છે, હાલ ડેમમાં ૭,૫૩૨.૯૦ સ્ઝર પાણી ભરાયેલું છે. ડેમમાં ઉપરવાસમાં થયેલા સારા વરસાદના લીધે ૬૯,૬૦૭ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, સારી આવક થતા ડેમની સપાટી ૧૨૩.૪૯ મીટર પહોંચી ગઈ છે, એટલે કે તે ડેમની કુલ ઊંચાઈ કરતા માત્ર ૬.૪ મીટર જ ઓછું છે. ૨૮ જુલાઈ ના રોજ સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો હતો તેમાં ડેમની સપાટી ૧૩૦.૮૬ મીટરે પહોંચી હતી, અને ત્યારે પાણીનો જથ્થો ૭,૧૧૯.૫૯ સ્ઝર હતો. આ પછી એક જ અઠવાડિયાની અંદર ડેમમાં ૪૦૦ MCM પાણીની આવક થઈ હતી.

પાછલા વર્ષે ૪ ઓગસ્ટના રોજ સરદાર સરોવર ડેમમાં ૪,૪૧૬.૬૫ સ્ઝર પાણીનો જથ્થો હતો. જે ચાલુ વર્ષે એ જ તારીખે નોંધવામાં આવેલા જથ્થા કરતા ૩,૧૧૬.૨૫ સ્ઝર ઓછું હતું. અધિકારીએ જણાવ્યું કે સરકાર સરોવર ડેમમાં આ વર્ષે પાછલા વર્ષ કરતા ૭૦.૫% વધુ પાણી છે.

જળ સંસાધન વિભાગના જણાવ્યા પ્રમાણે ગુરુવાર સુધામા રાજ્યના ૨૦૭ મુખ્ય જળાશયોમાં સરેરાશ જળસ્તર ૬૮.૦૩% હતું. વધુમાં જણાવવામાં આવ્યું છે કે ૩૩ જળાશયો એવા છે કે જે સંપૂર્ણ ભરાઈ ગયા છે. જ્યારે ૪૮ જળાશયો એવા છે કે જે તેની સંપૂર્ણ ક્ષમતાના ૭૦થી ૧૦૦% વચ્ચે ભરેલા છે.

સરદાર સરોવર સિવાયના ૨૦૬ જળાશયોનો સંયુક્ત જળસંગ્રહ ૧૭,૧૮૭ થાય છે. વધુમાં જણાવાયું કે, ગયા વર્ષે આ જ સમયે, આ ૨૦૬ ડેમ ૧૧,૯૯૯ હતા. હજુ પણ ૩૮ જળાશયો એવા છે કે જે ૨૫% થી ૫૦% ભરેલા છે અને ૫૨ ૨૫% થી ઓછા ભરેલા છે. ગુરુવારે થયેલા વરસાદ બાદ જે ૩૩ ડેમ

CWG ૨૦૨૨: પેરા ટેબલ ટેનિસમાં ગુજરાતીનો ડંકો

ટેબલ ટેનિસમાં ભાવિના પટેલ ફાઈનલમાં પહોંચી

ગુજરાતી ભાવિના પટેલે પેરા ટેબલ ટેનિસની મહિલા સિંગલ્સ (વર્ગ 3-૫)માં આ મેડલને પાક્કો કર્યો છે

બર્મિંગહામ, તા.૫

બર્મિંગહામમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં વધુ એક ભારતીય મેડલ પાક્કો થઈ ગયો છે. ગુજરાતી ભાવિના પટેલે પેરા ટેબલ ટેનિસની મહિલા સિંગલ્સ (વર્ગ ૩-૫)માં આ મેડલને પાક્કો કર્યો છે. તેણે આ સ્પર્ધાની સેમીફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડની સુ બેલીને હરાવીને ફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે.ભાવિનાએ ઈંગ્લિશ પેરા પ્લેયરને ૧૧-૬, ૧૧-૬, ૧૧-૬થી એકતરફી હરાવીને પોતાનો સિલ્વર મેડલ નિશ્ચિત કર્યો હતો. અગાઉ, ભાવિનાએ તેની ક્વાર્ટર ફાઈનલ મેચમાં પણ એકતરફી જીત નોંધાવી હતી. તેણીએ ફિજીની અકાનીસી લાટુને ૧૧-૧, ૧૧-૫, ૧૧-૧થી હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.



ભાવિના પટેલ સૌપ્રથમ ૨૦૧૧માં થાઈલેન્ડ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપથી ચર્ચામાં આવી હતી. તેણે પેરા ટેબલ ટેનિસની ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો હતો. ત્યારબાદ, વર્ષ ૨૦૧૩માં તેણે એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સમાં સિલ્વર મેડલ જીત્યો. તે અહીં રોકાઈ નહોતી. ત્યારબાદ, તેણે ફરી એકવાર ૨૦૧૭ માં એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મેડલ જીત્યો. આ વખતે ભાવિનાને બ્રોન્ઝ મળ્યો હતો.ગયા વર્ષની ટોક્યો પેરાલિમ્પિક્સ તેમના કારકિર્દીની અત્યાર સુધીની સૌથી મોટી ઉપલબ્ધિ હતી. અહીં તેણે પેરા ટેબલ ટેનિસ મહિલા સિંગલ્સ (ક્લાસ-૪)માં સિલ્વર મેડલ જીત્યો. તે હાલમાં શાનદાર લયમાં છે. આ વર્ષની શરૂઆતમાં તેણે પેરા નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં વર્ગ-૪નો ખિતાબ જીત્યો હતો.

રાજ્યભરમાં કોંગ્રેસનું મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન

પોલીસ સાથે ઘર્ષણ : મોંઘવારી, બેરોજગારી મામલે ભાજપ સરકાર વિરુદ્ધ સુત્રોચાર

અમદાવાદ, તા.૫

રાજ્યભરમાં આજે કોંગ્રેસ દ્વારા મોંઘવારી અને જીએસટીના મામલે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે કોંગ્રેસ દ્વારા સુરત, અમદાવાદ, જામનગર, પાટણ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં કોંગ્રેસ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યા હતા કે ભાજપ સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, ગેસ સહીત ની આવશ્યક ચીઝ વસ્તુના ભાવમાં અસહ્ય વધારો, બેરોજગારી વગેરે બાબતોને લઈને માધ્યમ અને ગરીબ પરિવારોને જીવન નિર્વાહ કરવું મુશ્કેલ બનવા પામ્યું છે.

ત્યારે આજરોજ જામનગર શહેર કોંગ્રેસ દ્વારા ગોકુલ નગર જકાતનાકા પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જ્યારે વિરોધ પ્રદર્શન કરતા શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિતના આગેવાનોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. તો બીજી તરફ પાટણ જિલ્લા કોંગ્રેસ દ્વારા નવજીવન ચાર રસ્તા પાસે ભાજપ સરકાર વિરુદ્ધ પ્રતીક ધરણા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં મોંઘવારી, બેરોજગારી મામલે કોંગ્રેસ ના કાર્યકરો દ્વારા ભાજપ સરકાર વિરુદ્ધ સુત્રોચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.જ્યારે સુરતના માંડવીમાં મોંઘવારીને લઈ કોંગ્રેસના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને કોંગી કાર્યકરો વચ્ચે હળવું ઘર્ષણ થયું હતું. કોંગ્રેસ દ્વારા ગેસના સિલિન્ડરની ઠાઠડી કાઢતા ઘર્ષણ સર્જાયું હતું.

રાજ્યમાં વધતી જતી મોંઘવારી બેરોજગારી સહિતના મુદ્દાઓને લઈને આજરોજ જામનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગોકુલનગર પાસે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ખાસ કરીને દૂધ લોટ સહિતના અનાજ તેમજ હવે તો ગરબા પર પણ સરકાર દ્વારા જીએસટી લાદવામાં આવ્યું હોય ત્યારે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

કાર્યક્રમ ચાલુ થાય તે પહેલા જ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવતા કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો. આજે યોજાયેલ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જીવણભાઈ કુંભારવડીયા, વિરોધ પક્ષ નેતા આનંદભાઈ રાઠોડ સહિત કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા બે દિવસીય ફિલ્મ મેકિંગ વર્કશોપનું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના પ્રાગંણમાં આયોજન થયું છે. આજ રોજ ઉદઘાટનમાં GTUના વાઈસ ચાન્સલેર ડૉ નવિનભાઈ શેઠ (ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.) વિશેષ ઉપસ્થિત પદ્મશ્રી વામન કેન્દ્રજી (ઇંડિયન થિયેટર ડાયરેક્ટર, ભૂતપૂર્વ ડાયરેક્ટર NSD, પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ અભિનેતા મયુર ચૌહાણ ઉર્ફે માઈકલ, વંદનભાઈ શાહ (સપ્તરંગ ફિલ્મ સોસાયટી, પ્રમખુ) તથા ભારતીય ચિત્ર સાધનાના પ્રમખુ ટ્રસ્ટી અજીતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિ રહી. આ દરમ્યાન સપ્તરંગ ફિલ્મ સોસાયટીની અધિકૃત વેબસાઈટનું પણ ઉદઘાટન કરવામા આવ્યું.

અરવલ્લીના ખોડંબાના યુવકનું ભેદી મોત

૨૪ વર્ષીય યુવાનનું તાવ આવ્યાના ૨૪ કલાકમાં મોત

રિપોર્ટ બાદ જ ખ્યાલ આવશે કે મોત કઇ રીતે થયું

અમદાવાદ, તા.૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ખોડંબા ગામના એક ૨૪ વર્ષીય યુવકનું ભેદી મોત નિપજ્યું છે. ૨૪ વર્ષીય યુવાનનું તાવ આવ્યાના ૨૪ કલાકમાં જ મોત નિપજતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ છે. તેમજ પરિવારજન પણ શોકમાં ગરકાવ થઇ ગયો છે.

યુવક તાવ આવ્યા બાદ કોમામાં સરી પડ્યો હતો. આથી, પ્રથમ યુવકને મોડાસા હોસ્પિટલ ખાતે એડમિટ કરાયો ને બાદમાં યુવકને સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. હાલમાં યુવકના રિપોર્ટસની રાહ જોવાઇ રહી છે. કારણ કે યુવકના રિપોર્ટ બાદ જ ખ્યાલ આવશે કે આખરે યુવકનું તાવ આવ્યાના માત્ર ૨૪ કલાકમાં જ મોત કઇ રીતે નિપજ્યું. હાલમાં યુવકનો મૃતદેહ અરવલ્લી લાવી દેવાયો છે.

ફાર્મટેક-લેબટેક એક્ષ્પો-૨૦૨૨

ભારતના 'ફાર્મા હબ' ગુજરાતમાં નવીન શોધ અને રોકાણની વધુ તકો ઉપલબ્ધ કરાવશે

આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલના હસ્તે ત્રિદિવસીય ૧૩માં ફાર્મટેક અને લેબ ટેક એક્ષ્પો-૨૦૨૨નો શુભારંભ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ખાતે આયોજિત ફાર્માટેક અને લેબટેક એક્ષ્પો સમગ્ર દેશમાં ફાર્મા હબ તરીકે ઓળખાતા ગુજરાતમાં ફાર્મા ક્ષેત્રે નવીન શોધ અને રોકાણની વધુ તકો ઉપલબ્ધ કરાવશે તેમ આજે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું. વેસ્ટન ઈન્ડિયાના સૌથી મોટા ૧૩માં ફાર્માટેક અને લેબટેક એક્ષ્પો-૨૦૨૨નો હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર ખાતે આજે શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

આરોગ્ય મંત્રી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાનમોદીના નેતૃત્વમાં ભારત ફાર્મા ક્ષેત્રે આત્મનિર્ભરની સાથે સાથે નિકાસકાર દેશ બન્યો છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન ભારતે કોરોનાની સ્વદેશી વેક્સિન વિકસાવીને ભારતના નાગરિકોને સુરક્ષિત કરવાની સાથે વિશ્વના દેશોને તેની નિકાસ કરીને સૌના કલ્યાણની ભાવના ચરિતાર્થ કરી છે.

ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુધીના તમામ મુખ્યમંત્રીઓએ ગુજરાતને ફાર્મા સહિત અનેક ક્ષેત્રે નવી ઊંચાઈઓ અપાવવામાં ખૂબ મહત્વની ભૂમિકા અદા કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી પટેલે કહ્યું હતું કે, ભરૂચ ખાતે ફાર્મા ક્ષેત્રે વિશાળ પાર્ક સ્થપાવવા જઈ રહ્યો છે. આ પાર્કના પરિણામે ફાર્મા ક્ષેત્રે નવીન શોધ-ઉત્પાદનને વધુ વેગ મળશે. અત્યારે નકલ કરવાનો નહીં પણ શ્રેષ્ઠ સંશોધન થકી નવીન શોધ કરવાનો સમય છે ત્યારે રાજ્યના યુવાનોને પોતાના અને રાજ્યના વિકાસમાં આ પાર્ક નવીન તકો ઉપલબ્ધ કરાવશે. મંત્રીશ્રીએ રાજ્યના યુવાનોને ફાર્મા ક્ષેત્રે મહત્તમ સંશોધન કરીને રાજ્ય-દેશના વિકાસમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપવા અનુરોધ પણ કર્યો હતો.

લેનદેન ક્લબે ગુજરાતમાં ફિક્સ્ડ મેચ્યોરિટી પીઅર-ટુ-પીઅર ઈન્વેસ્ટમેન્ટ પ્લાન લોંચ કર્યો

અમદાવાદ તા.૫

ભારતના સૌથી મોટા પીટુપી ધિરાણ પ્લેટફોર્મ લેનદેન ક્લબે આજે ગુજરાત ફિક્સ્ડ મેચ્યોરિટી પીઅર-ટુ-પીઅર પ્લાન (એફએમપીપી) રજુ કર્યો છે. એફએમપીપી નવા યુગનો ટર્મ આધારિત પીટુપી પ્લાન છે. જે રોકાણકારોને પ્રતિ રૂા.૧૦,૦૦૦ના ન્યુનતમ રોકાણ ઉપર વાર્ષિક ૧૦-૧૨ ટકા સુધીનું સ્થિર ઉંચુ વળતર મેળવવા સક્ષમ કરે છે. કંપનીનો નાણાંકિય વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં તેના રોકાણકારોની સંખ્યામાં બમણો કરવાનો ઉદ્દેશ્ય છે.

આરબીઆઈ-અધિકૃત એનબીએફસી- પીટુપી લેનદેન ક્લબ ૨૦ લાખથી વધુ રોકાણકારોને સેવા પૂરી પાડે છે અને તેણે એવી રીતે એફએમપીપી ડિઝાઈન કર્યું છે કે જેનાથી રોકાણની રકમ ઋણ લેનારાઓના વિશાળ સમુહ વચ્ચે હાયપર ડાયવર્ઝિફાઈડ કરાય છે. તેનાથી ડિફોલ્ટનો દર ખુબ જ ઓછો થઈ જાય છે અને પરિણામે રોકાણકારોને ઓછું જોખમ ધરાવતું વળતર ઓફર કરી શકાય છે. નવું એઆઈ અને એમએલ આધારિત અલ્ગોરિધમ તુલનામાં વધુ શક્તિશાળી છે કારણકે તે કંપની દ્વારા શરૂઆતથી એકત્રિત કરાયેલા માલીકીના ફર્સ્ટ-પાર્ટી ડેટા સાથે સુસંગત અને પ્રશિક્ષિત છે. તે એફએમપીપીને એક વિશિષ્ટતા સાથે હાયપર-ડાયવર્ઝિફેકેશન રજૂ કરવા સક્ષમ કરે છે, જે જોખમ ઘટાડે છે અને વળતરમાં સ્થિરતા પ્રદાન કરે છે.

રાજ્યમાં કોરોનાના નવા ૯૪૭ કેસ

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૪૭ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૧૧૯૮ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીનું મોત થયું છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૫ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫૯૯૨ એક્ટિવ કેસ છે. જેમાંથી ૨૨ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૯૭૦ દર્દીઓ સ્ટેબલ છે.

કોંગ્રેસના આગેવાન સંજયસિંહ ગોહિલ ભાજપમાં જોડાયા

ભાવનગર, તા.૫

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને કોંગ્રેસના આગેવાન સંજયસિંહ ગોહિલ તેઓના સમર્થકો સાથે કિરીટસિંહ રાણાના હસ્તે કેસરિયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી આર.સી મકવાણા, પ્રદેશ ઉપપ્રમુખ મહેન્દ્રસિંહ સરવૈયા, આત્મારામ પરમારએ ભાજપમાં જોડાયેલા સૌ આગેવાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

ભાવનગર જિલ્લા ભાજપ દ્વારા ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ ખાતે જિલ્લાના તમામ આગેવાનો જિલ્લાના પ્રભારીમંત્રી કિરીટસિંહ રાણાની અધ્યક્ષતા અને મંત્રી આર.સી. મકવાણા, પ્રદેશ ઉપ્રમુખ મહેન્દ્રસિંહ સરવૈયા, અને આત્મારામ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેપો રેટ વધ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્સચેન્જના પગલાં લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આગામી સમયમાં ખાદ્યતેલના ભાવ ઘટશે જેથી મોંઘવારીમાં થોડી રાહત મળશે.

રેપો રેટ વધારીને ૫.૪૦ ટકા કરવામાં આવ્યા પછી ૧૦ વર્ષના બોન્ડ પરની યીલ્ડ ૭ બેસિસ પોઈન્ટ વધીને ૭.૨૩ ટકા થઈ હતી. ઈમ્ફેએ જણાવ્યું કે ડોલર સામે રૂપિયો નરમ પડ્યો છે, પરંતુ આ ઘટાડો નિયંત્રિત છે. બીજા એશિયન ચલણોની તુલનામાં રૂપિયાએ ઘણો સારો દેખાવ કર્યો છે. તેમણે દાવો કર્યો કે ભારતીય રૂપિયો નબળો પડ્યો તેના કરતા અમેરિકન ડોલર વધુ મજબૂત બન્યો તેમ કહી શકાય. હાલમાં ડોમેસ્ટિક માર્કેટમાં આર્થિક પ્રવૃત્તિ વિસ્તરી રહી હોવાના સંકેત છે. બેંક ક્રેડિટ ગ્રોથ એક વર્ષ અગાઉ ૫.૫ ટકા હતો જે વધીને ૧૪ ટકા થયો છે.

કોરોના અંકુશમાં આવ્યા પછી ત્રીજી વખત રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો છે. ફુગાવાને અંકુશમાં રાખવા માટે આ પગલું અનિવાર્ય હતું.

ઈતિહાસ રચ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનીસ યાહિયા પણ ફાઈનલમાં પહોંચ્યા હતા પરંતુ તેઓ ૭.૯૮ ના બેસ્ટ જમ્પ સાથે પાંચમા નંબરે રહ્યાં. જ્યારે મુરલીએ ૮.૦૮ મીટરની બેસ્ટ છલાંગ લગાવીને આ ઉપલબ્ધિ મેળવી.

બહામાસના લેકુઅન નેયરને આ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો. તેણે પણ ૮.૦૮ મીટરની જ છલાંગ લગાવી હતી. જો કે હવાની ગતિ તે વખતે -૦.૧ હતી જ્યારે મુરલી વખતે તે ૧.૫ હતી. આ સાથે જ લેકુઅલનો બીજો બેસ્ટ અટેમ્પ શ્રીશંકરની સરખામણીમાં સારો હતો. આ જ કારણે સરખા અંક હોવા છતાં મુરલીને બીજું સ્થાન મળ્યું.

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને અત્યાર સુધીમાં કુલ ૨૦ મેડલ મળ્યા છે જેમાંથી છ ગોલ્ડ, સાત સિલ્વર અને સાત બ્રોન્ઝ મેડલ છે. ખાસ વાત એ છે કે તેમાંથી ૧૦ મેડલ તો વેઈટલિફ્ટિંગમાં આવ્યા છે. જ્યારે જૂડોમાં ૩ અને એથલેટિક્સમાં ૨ મેડલ આવ્યા છે. આ સાથે જ લોન બોલ્સ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન અને સ્ક્વોશ તથા પેરા પાવરલિફ્ટિંગમાં પણ ભારતને મેડલ મળ્યા છે.

ઝેરી દારૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલ પહોંચ્યા હતા. એમ રાજેશ મીણાએ ત્યારે કહ્યું હતું કે ઘટનાની માહિતી મળ્યા પછી, વહીવટીતંત્રે તેની આરોગ્ય વિભાગની ટીમને ગામમાં મોકલી અને બીમાર લોકોને સરકારી ખર્ચે હોસ્પિટલમાં લાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે બીમાર લોકોની સારવાર માટે આરોગ્ય વિભાગ સતર્ક છે. આ વિસ્તારમાં દારૂની હેરાફેરી કરનારાઓને પકડવા માટે દરોડા પણ ચાલુ છે.

તમને જણાવી દઈએ કે ૨ ઓગસ્ટના રોજ પાનાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નકલી દારૂ પીવાથી બે લોકોના મોત થયા હતા. આ મામલામાં પોલીસ અનેક લોકોને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરી રહી હતી. ત્યારે જિલ્લામાંથી વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. હકીકતમાં, બિહારમાં સંપૂર્ણ દારૂબંધીનો કાયદો છે, પરંતુ તેમ છતાં રાજ્યની અંદર દારૂનું વેચાણ થાય છે.

આમાં ઘણી વખત લોકો ઝેરી દારૂનું સેવન પણ કરે છે, જેના કારણે તેઓ પોતાનો જીવ ગુમાવે છે. દારૂબંધી બાદ રાજ્યમાં આવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ઝેરી દારૂના સેવનથી રોજેરોજ લોકોના મોત થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ગેરકાયદેસર દારૂના વેચાણ પર પ્રતિબંધને લઈને સરકાર અને પોલીસ પ્રશાસનના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે.

ડ્રો કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવણી કરવાનુ શકય ન બન્યુ હતુ. જેને અનુલક્ષી ગુડા દ્વારા આ બાકી આવાસો માટે ડ્રોની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. જયારે આ ડ્રો ની પ્રકીયાને અનુલક્ષીને કુલ ૩૬૬૮ લાભાર્થીઓના ફોર્મને મંજુરી આપવામાં આવી હતી. જેના અંતે આજે ડ્રોની પ્રકીયા પુર્ણ કરાઈ હતી જયારે ડ્રો ની પ્રકીયાનુ જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યુ હતુ. જયારે આ મુજબ આજે ગુડાની કચેરીએ ડ્રોની પ્રકીયા શાંતિપુર્વક પુર્ણ કરવામાં આવી હતી. ડ્રો ની પ્રકીયા બાદ લાભાર્થીઓની યાદી ગુડાની વેબસાઈટ પર મુકવામાં આવી છે.

ભાડુ વસુલાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીઓને આવાસ ખાલી કરી દેવા માટે નોટીસ આપવામાં આવી છે. જયારે આ નોટીસ ઉપરાંત બજાર દરે રૂ ૪૮૦૦ વસુલવા માટે પણ નિર્ણય લેવાયો છે. આ રકમ ભાડાની રકમ પાટનગર યોજના ભવનની ભાડા વસુલાત શાખામાં જમા કરાવી દેવા માટે પણ નોટીસ આપવામાં આવી છે. જો કે હજુ આ મામલે જવાબદરોને ત્રીજી નોટીસ આપવામાં આવશે. જયારે આ નોટીસના અંતે લાભાર્થીઓ દ્વારા તેનો અમલ કરવામાં નહી આવે તો ઈવિકશન કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. આ મામલે ઉચ્ચ કક્ષાએથી પણ તંત્રને સુચના આપી દેવામાં આવી છે. જેને અનુલક્ષી તંત્રએ કોર્ટ કેસ દાખલ કરવા માટે પણ ગિતિવિધિ હાથ ધરવામાં આવી છે.

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

મને તો જે ગમે એ ગુંજે ભરું છું.. એમાં ગમતું તો ખરું જ,પણ અણગમતું ય મને તો અદકેરૂં જ લાગે છે..ગમવા ન ગમવાની એક સદહદે પહોંચ્યા પછી તમને બધું એકાકાર થઈ જતું હોય એવું લાગવા માંડે છે..પૃથ્વીની આ વિશાળતા અમથી નથી..એમાં ગમન અને આગમન કયાંક એકરૂપ થઈ જતાં હોય છે..સૂરજની લાલીમા સવારે પણ હોય છે..ઢળતી સાંજે પણ એ લાલઘુમ હોય છે..પણ બેઉ ઘટનાઓના સમયે લીલીછમ ચાદરથી લપેટાઈ ગયેલી ધરતીનો ઉમંગ એકસરખો હોય છે !આપણા જેવા મુગ્ધ મુસાફર માટે મોંસૂઝણું હોય કે મોડી રાતનું મૌન એકસરખા વિસ્મય જેવાં હોય છે..!